અપીલ અરજી નં.૧૩૮ તા.૨૦–૭–૧૦/૧૧

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈનીતા.૧૪–૬–૧૦ નીઅરજીથી (૧) સંબધિત વિભાગમાં વિગતવાર અરજી તા.૧૭–૩–૧૦ ના રોજ કરવામાં આવેલ આ અરજી બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને હાલ કોમ્પ્યુટર પર અરજી સ્વીકારવામાં ન આવતી હોય તે બાબતે શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની સંપૂર્ણ તપાસ નકલ તેમજ માહિતી આપવા. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૦–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૩૮/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈનીતા.૧૪–૬–૧૦ ની અરજીથી (૧) સંબધિત વિભાગમાં વિગતવાર અરજી તા.૧૭–૩–૧૦ ના રોજ કરવામાં આવેલ આ અરજી બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને હાલ કોમ્પ્યુટર પર અરજી સ્વીકારવામાં ન આવતી હોય તે બાબતે શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની સંપૂર્ણ તપાસ નકલ તેમજ માહિતી આપવા. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.વીઆઈડી/૫૬૭ તા.૮–૭–૧૦ થી આપેલ માહિતી ખોટી તેમજ સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૨૪ તા.૨૬–૭–૧૦ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ માહિતી ખોટી હોવાના દાવાના સમર્થનમાં આપની પાસે દસ્તાવેજી આધાર પુરાવા હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૭૧૩ તા.૨–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૮૬ તા.૧૬–૬–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપવામાં આવેલી માહિતી અંગેના પત્ર નં.વીઆઈડી/ ૫૬૭ તા.૮–૭–૧૦ ના પત્રની નકલ તથા પત્ર નં.વીઆઈડી/૫૪૫ તા.૫–૭–૧૦ ના પત્રની નકલ, ડ્રેનેજ ખાતા તરફથી તેમની તા.૧૮–૩–૧૦ ની અરજી બાબતે પાઠવેલ પ્રત્યુત્તર અંગેના પાઠવેલ પત્ર નં.ડીએનજી/આ.નં.૫૦ ૭–૪–૧૦ નાપત્રની નકલ અત્રે મળેલ છે. સેન્ટ્રલઝોન સીવીક સેન્ટર ઉપર સ્વીકારાયેલી ફરીયાદ અંગેની પહોંચની નકલ, અત્ર રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૯–૭–૧૦ ના રોજ રજૂઆત પત્રની નકલ તથા ૨૦૦૪ અને ૨૦૦૫ કોમ્પ્યુટર ઉપર સ્વીકાર્યા અંગેની કેટલીક ફરીયાદ અંગેના પત્રની નકલો મળેલ છે.

અરજદારની તા. ૧૪–૬–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૮૬ તા.૧૬–૬–૧૦ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૫૬૭ તા.૮–૭–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે તા.૨૦–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરી માહિતી ખોટી છે અને સાચી , સંતોષકારક નથી તેવું જણાવી અપીલના મુદ્દા નં.૨ થી ૪ માં રજૂઆત કરેલ છે. જેમાં મુદ્દા નં.(૧) સંબધિત વિભાગમાં વિગતવાર અરજી તા.૧૭–૩–૧૦ ના રોજ કરવામાં આવેલ આ અરજી બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને હાલ કોમ્પ્યુટર પર અરજી સ્વીકારવામાં ન આવતી હોય તે બાબતે શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની સંપૂર્ણ તપાસ નકલ તેમજ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વીજીલન્સ વિભાગ તરફથી પત્ર નં.વીઆઈડી/૫૪૫ તા.૫–૭–૧૦ થી (૧)**આરોગ્ય બાબતે હેઠળના** પીએફએ મુજબના આરોગ્ય લાયસન્સ , બીપીએમસી એકટ કલમ–૩૭૬, મુજબ વેપારી લાયસન્સ, હાથધારીના લાયસન્સ, પ્રાણીઓના નોટીફીકેશન બાબતે, વેપારી લાયસન્સ બીપીએમસી એકટ૧૯૪૯ કોલમ–૧૨૭(૨)(સી) ૪૫૭(૭) અને જીઓજીની માન્યતા અને ૧૪૯ એસએમસીની વ્યાખ્યા મુજબ (૨) **મિલ્કતવેરા બાબત હેઠળના** નામફેર, આકારણી, ભાડુતકમી, ભાડુત દાખલ, હરકત અરજી (૩) **પાણી બાબત હેઠળ** નવું જોડાણ ખાનગી,કામચલાઉ જોડાણ, ફ્રી નળ કનેકશન, પાણીની લાઈનની ફેર બદલી, પાણી જોડાણમાં નામફેર (૪) **ગટર જોડાણ બાબત હેઠળના** નવું ગટર જોડાણ, ફ્રી ગટર જોડાણ, ફ્રી ટોયલેટ, ગટર અંગે ફરીયાદ , સોસા.ની સુવિધાઓની માહિતી આપવામાં આવેલ છે. અરજદાર તરફથી અપીલના મુદ્દા નં.૨ થી વીઆઈડી/૫૪૫ તા.૫–૭–૧૦ થી આપેલ જાણકારી ખોટી છે આજે પણ નાગરીક સુવિધાકેન્દ્રમાં ફકત વેરાબીલ તેમજ જન્મ મરણના દાખલા સિવાય કોઈ જ કામ કોમ્પ્યુટર ઉપર થતું નથી. અને સુવિધાકેન્દ્ર ઉપર કામ થાય તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે સેન્ટ્રલ નાગરીક સુવિધાકેન્દ્ર ખાતેથી તા.૩–૮–૧૦ ના રોજ મળેલ પત્રથી ફરીયાદ અંગેની તા.૨–૮–૧૦ ના રોજ નામફેરની અરજી તેમજ રસ્તા અને ફુટપાથ હેઠળની ફરીયાદ અરજી સ્વીકાર્યાની પહોંચ આધાર તરીકે રજૂ કરેલ છે. જેથી આજે પણ અન્યો

ફરીયાદોની કામગીરી નાગરીક સુવિધા કેન્દ્ર પરથી થાય છે તેવું ફલિત થાય છે. મુદ્દા નં.(૨) સંબધિત વિભાગમાં વિગતવાર અરજી તા.૧૮–૩–૧૦ ના રોજ કરવામાં આવેલ આ અરજી બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને હાલ સલાબતપુરા પંપીંગમાં અરજી સ્વીકારવામાં ન આવતી હોય તે બાબતે શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની સંપૂર્ણ તપાસ નકલ તેમજ માહિતી આપવી.તેવા પ્રશ્ન બાબતે ડ્રેનેજ ખાતા ધ્વારા ડ્રેનેજ આ.નં.૫૦ તા.૭–૪–૧૦ થી ડ્રેનેજ ખાતાના મેઈન્ટેનન્સ વિભાગ ખાતે આવતી ફરીયાદોને જે તે વિભાગના ફરીયાદ નોંધણી રજીસ્ટરમાં નોંધણી કરી અને ફરીયાદનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. જો કોઈ અરજદાર અરજી બદલની રસીદ મેળવવાનો આગ્રહ રાખે તો તેને અરજી ડ્રેનેજ ખાતાની મેઈન ઓફિસ ખાતેના ડ્રેનેજ વિભાગ ખાતે અરજી રજૂ કરી રસીલ મેળવી લેવાનું જણાવવામાં આવે છે. વધુમાં તમારી ફરીયાદની ટેલીફોનીક જાણ અઠવાઝોનને કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલના મુદ્દા નં.૩ થી ડ્રેનેજ વિભાગ તરફથી પત્ર નં.ડીએનજી/આ.નં.૫૦ તા.૭–૪–૧૦ થી આપેલી જાણકારી ખોટી છે તેવું જણાવેલ છે. તેમજ તે બાબતે વીજીલન્સ વિભાગે શું તપાસ કરી તેની જાણકારીની નકલ માંગવામાં આવેલ છે. જે બાબતેની માહિતી વીજીલન્સ વિભાગ તરફથી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. (૩) સંબધિત વિભાગમાં વિગતવાર અરજી તા.૨૪–૫–૧૦ ના રોજ કરવામાં આવેલ છે. આ અરજી બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને હાલમાં આજ દિન સુધી કાર્ય કરી આપવામાં આવેલ ન હોય તે બાબતે અધિકારી તેમજ કર્મચારી પર શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની સંપૂર્ણ તપાસ નકલ તેમજ માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ભટાર રોડ પરના ડ્રેનેજના ચેમ્બરો લેવલમાં કરવા બાબતની અરજી અન્વયે તમારી અરજીમાં જણાવ્યા મુજબ અઠવાઝોન ધ્વારા ડ્રેનેજના ચેમ્બરો રોડ લેવલે કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલના મુદ્દા નં.૪ થી વીજીલન્સ તરફથી જે માહિતી આપવામાં આવેલ છે તે સાચી નથી ખરેખર સ્થળ ઉપર વીજલન્સ વિભાગે તપાસ કરી નથી તેમજ અરજી કરેલ તેના અનુસંધાનમાં ઝોનના કાર્યપાલક ઈજનેર તરફથી આજ દિન સુધી કરેલી કાર્યવાહીની જાણકારી આપેલ નથી તેમજ ફરીયાદ મુજબ કાર્ય આજે પણ કરવામાં આવતા નથી. તેવી રજૂઆત કરેલ છે. જેમાં અરજદારે વીજીલન્સ વિભાગ ધ્વારા સ્થળ તપાસ કરી નથી અને કાર્યવાહીની જાણકારી આપેલ નથી. જેમાં વીજીલન્સ અધિકારીએ અરજદારને જણાવેલ છે કે આપની અરજીમાં જણાવ્યા મુજબ અઠવાઝોન ધ્વારા ડ્રેનેજ ચેમ્બરો રોડ લેવલે કરવામાં આવેલ છે તો અરજદારે અપીલમાં સાચી માહિતી આપી નથી તેવું જણાવેલ છે તો અરજદારને રોડ લેવલે ચેમ્બરો કર્યા અંગેની અરજદારે કઈ તારીખની અરજીમાં જણાવેલ છે તે વિગતો અરજદારને પૂરી પાડવી.

વધુમાં અરજદારે તેમના તા.૨૯–૭–૧૦ ના પત્રથી નાગરીક સુવિધા કેન્દ્ર પર ફકત વેરાબીલ તેમજ જન્મ મરણની સુવિધા કોમ્પ્યુટર ઉપર થાય છે બાકીની તમામ સેવા તેમજ તેની રસીદ હાથથી બનાવીને આપવામાં આવે છે તો શા માટે તમામ સુવિધા કોમ્પ્યુટર ઉપર થતી નથી તેવી રજૂઆત બાબતે તેમની મુળ અપીલ મુદ્દા નં.૨ થી કરેલ છે. જે ઉપરોકત મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબ અન્ય પુરાવા ફરીયાદ નોંધાયા અંગેના તા.૩–૮–૧૦ થી સેન્ટ્રલઝોન નાગરીક સુવિધા કેન્દ્રથી રજૂ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૪–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૩ માં જણાવ્યા અનુસાર જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) વીજલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન દેસાઈ